ફોન : (૦૭૯) ૨૩૨૧૧૩૩૨

ટ્રસ્ટ રજી. નં. એફ ૮૨, ગાંધીનગર. તા. ૧૭-૭-૮૭
સોસાયટી રજી. નં. ૧૦૭ ગાંધીનગર. તા. ૧૭-૭-૮૭
ઇન્કમટેક્ષ માફી ૮૦ (જી) ૫ મુજબ

॥ યોગઃ કર્મસુ કૌશલમ્ ॥

સરસ્વતી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

# સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર

(સરકાર માન્ય)

બ્લોક નં.૪૫, ઘ-ટાઈપ, સેક્ટર-૨૮, ગાંધીનગર. મો. ૯૮૨૪૫૯૯૪૯૦

પ્રતિ,

સાદર નમસ્કાર,

સવિનય આ શાળાની પ્રવૃત્તિ વિશે આપ સુપેરે માહિતગાર છો. સંસ્થા છેલ્લા ૩૭ વર્ષથી મૂક-બધિર બાળકોના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરી રહેલ છે. અભ્યાસની સાથે સાથે આ જ બાળકોના પુનઃવસન માટે જુદી જુદી વ્યવસાયિક તાલીમ પણ અહીં આપવામાં આવે છે.

સ્વસ્થ યુવક-યુવતીઓના વેવિશાળ અને લગ્ન પસંદગી માટે મુશ્કેલીઓ અનુભવાતી માલુમ પડે છે. આ બાબતને ધ્યાને લઈ સંસ્થા દ્વારા તા. ૨૫-૧૦-૨૦૨૪ના રોજ મૂક-બધિર યુવક યુવતીઓનો પસંદગી મેળાનું આયોજન કરવામાં આવેલ. આ સંમેલનમાં એકત્રીત થયેલ યુવક-યુવતીઓ એ તેમના વાલીઓ સાથેના પરામર્શથી ૧૪ જેટલા કપલ થવાની શક્યતા છે. સંસ્થા દ્વારા ૭ સમુહલગ્નોમાં સખાવતી દાતાઓ દ્વારા ઉદાર હાથે મદદ કરેલા છે. જેમાં દરેક યુગલોને ઘરવખરીની તમામ ચીજવસ્તુઓ, સોનાનો એક દાગીનો ચાંદીના દાગીના, તિજોરી, પલંગ વગેરે જેવી વસ્તુઓ દાતાશ્રીઓના સહયોગથી આપવામાં આવે છે.

સંચાલકો દ્વારા આગામી **તા. ૨૮-૦૨-૨૦૨૫ના રોજ આઠમા સમુહલગ્નનું આયોજન કરેલ છે. આ સમૂહલગ્નમાં રૂા. ૨૨,૦૦,૦૦૦/- જેટલો ખર્ચ થવાની શક્યતાઓ છે.** તો આપશ્રી તથા આપના પરિચિત સૌ અંગત રસ લઈ અગાઉની જેમ જ યથા યોગ્ય ફાળો આપશો તેવી નમ્ર પ્રાર્થના છે.

આભાર સહ...

આપનો વિશ્વાસુ

V.K. Jani

(વૈભવ કે. જાની)

માનદ્ મંત્રી

ફોન : (૦૭૯) ૨૩૨૧૧૩૩૨

ટ્રસ્ટ રજી. નં. એફ ૮૨, ગાંધીનગર. તા. ૧૭-૭-૮૭
સોસાયટી રજી. નં. ૧૦૭ ગાંધીનગર. તા. ૧૭-૭-૮૭
ઈન્કમટેક્ષ માફી ૮૦ (જી) ૫ મુજબ

॥ યોગઃ કર્મસુ કૌશલમ્ ॥

સરસ્વતી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

# સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર

(સરકાર માન્ય)

બ્લોક નં.૪૫, ઘ-ટાઈપ, સેક્ટર-૨૮, ગાંધીનગર. મો. ૯૮૨૪૫૯૯૪૯૦

## ॥ મૂક-બધિર વ્યક્તિઓના સમુહલગ્ન ॥

ગાંધીનગર શહેરમાં મૂક-બધિર બાળકોના ક્ષેત્રે આ શાળા છેલ્લા ૩૭ વર્ષથી કાર્યરત છે. સંસ્થા મૂક-બધિર બાળકોના સર્વાંગી વિકાસ માટે પ્રતિબધ્ધ છે. શાળા તરફથી વયસ્ક યુવક-યુવતીઓના આઠમો સમૂહલગ્નનું આયોજન રાખેલ છે. જેમાં મૂક-બધિર યુવક-યુવતીઓ લગ્ન ગ્રંથીથી જોડાઈને પ્રભુતામાં પગલાં પાડશે. ગત સમૂહલગ્નમાં આવા ૧૪ યુગલો લગ્નગ્રંથીથી જોડાયેલાં, જે આજે સુખી છે.

સમાજ અને દાતાઓના સહકારથી આ મૂક-બધિર નવદંપતિઓને તેમના જીવન નિર્વાહ માટેની પ્રાથમિક તમામ સુવિધાઓ પૂરી પાડવાની સંસ્થા ઈચ્છા ધરાવે છે. જેમાં આપ સહયોગી થાઓ તેવી નમ્ર પ્રાર્થના તેમજ અપીલ છે. નવદંપતિઓને (કન્યાદાન) આપવા ધારેલી વસ્તુઓ અને તેની અપેક્ષિત કિંમત આ પ્રમાણે છે :-

| | | |
|---|---|---|
| ૧. | પુરતના વાસણો, તિજોરી, ડબલબેડ, સોફાસેટ, ઘરવખરી) પ્રત્યેક યુગલને | રૂા. ૬૧૦૦૦.૦૦ |
| ૨. | કપડાં (કન્યાને) પાનેતર સહિત પાંચ જોડ | રૂા. ૫૧૦૦.૦૦ |
| ૩. | એક જોડ (યુવકને) (સૂટ) | રૂા. ૨૮૦૦.૦૦ |
| ૪. | કન્યાને ચંપલ | રૂા. ૮૦૦.૦૦ |
| ૫. | વરરાજાના બુટ | રૂા. ૧૦૦૦.૦૦ |
| ૬. | દાગીના | |
| | ● બુટ્ટી | રૂા. ૨૦૦૦૦.૦૦ |
| | ● ચુની | રૂા. ૨૮૦૦.૦૦ |
| | ● દોરા અથવા મંગલસુત્ર | રૂા. ૧૦૦૦૦.૦૦ |
| | ● ઝાંઝર | રૂા. ૩૦૦૦.૦૦ |
| | ● વરકન્યાને કાંડા ઘડીયાર | રૂા. ૧૫૫૧.૦૦ |
| ૭. | જમણવાર (૨૫૦૦ વ્યક્તિ) | રૂા. ૪,૫૦,૦૦૦.૦૦ |
| ૮. | મંડપ-ચૉરી- ખુરશી-સ્ટેજ | રૂા. ૪,૧૮,૦૦૦.૦૦ |
| ૯. | કંકોત્રી તથા અન્ય સાહિત્ય પ્રિન્ટીંગ ખર્ચ | રૂા. ૩૮૦૦૦.૦૦ |
| ૧૦. | ચા-પાણી, છાશ અને નાસ્તાના | રૂા. ૧૧૦૦૦.૦૦ |
| ૧૧. | ફુલહારના દાતા | રૂા. ૯૦૦૦.૦૦ |
| ૧૨. | સાઉન્ડ | રૂા.૫૦૦૦૦.૦૦ |

આ સંસ્થા પાટનગર ખાતે મૂક-બધિરના આઠમા સમૂહલગ્નનો આયોજન કરવા જઈ રહી છે. જેમાં સહભાગી થઈ સંસ્થાને વસ્તુ સ્વરૂપે અથવા રોકડ સ્વરૂપે મદદરૂપ થવા નમ્ર પ્રાર્થના તેમજ અપીલ છે.

આ અંગે દાન સ્વરૂપે ચેક/ડીડી **"સરસ્વતી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ"**ના નામે મોકલવા વિનંતી. વધુમાં કોઈપણ મૂક-બધિર યુગલ સામેલ થવા માંગતું હોય તો સંસ્થાનો તા. ૩૧-૦૧-૨૦૨૫ સુધીમાં સંપર્ક કરવા વિનંતી છે.

લિ. સંચાલક મંડળ

**ટ્રસ્ટને કરેલ દાન ૮૦-જી-૫ મુજબ ઇન્કમટેક્ષમાં માફી પાત્ર છે.**